પત્રિકા
૨૧૯

# ચિરાગે હિદાયત

૦૭/૦૭/૧૯
૩ ઝિલ્કાદ

## રોઝીની તલાશ

જ્યારે અલ્લાહ તઆલા પોતાના ફઝલો કરમથી કોઈને ઔલાદની નેઅમતથી નવાઝે છે ત્યારથી જ મા-બાપના દિમાગમાં પોતાની ઔલાદના ભવિષ્ય માટે વિવિધ પ્રકારની યોજનાઓ તૈયાર થવા લાગે છે અને આ યોજનાને પરિપૂર્ણ કરવા બાળકના શિક્ષણ અને કેળવણીનો સિલસિલો શરૂ થઈ જાય છે. એસ.એસ.સી પછી બાળકને ભવિષ્યમાં શું બનાવવો તે આધારે તેના શિક્ષણનો ક્રમ આગળ વધતો જાય છે. સારી કોલેજમાં એડમીશન અપાવી દેવામાં આવે છે.

પરંતુ સારી કોલેજમાં એડમીશન મળી જવું એ વાત તે ક્ષેત્રમાં નોંધપાત્ર સફળતાની બાહેંધરી નથી આપતી. આ વાત એકદમ સ્પષ્ટ છે કે તમામ વિદ્યાર્થીઓ કે જેમને પહેલા વર્ષમાં એડમીશન મળી જાય છે, તેઓ દરેક પાસ થઈને બીજા વર્ષમાં નથી પહોંચતા અને આમ દર વર્ષે અભ્યાસ છોડી દેનારા વિદ્યાર્થીની સંખ્યામાં વધારો થતો રહે છે. બસ અમૂક લોકો જ સફળતાપૂર્વક સંપૂર્ણ કોર્ષ પૂરો કરી શકે છે અને તેમાંથી પણ અમૂક લોકો જ પોતાના ક્ષેત્રમાં સફળ જીવન વિતાવે છે.

### * દરેક કામ માટે ખાસ માણસો :

આનું કારણ એ છે કે કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે ફક્ત સારી કોલેજમાં એડમીશલ લેવું પૂરતુ નથી પરંતુ

સાથો સાથ વ્યક્તિનું પ્રાકૃતિક વલણ તથા વ્યક્તિગત રસ સાથે તે કામ અથવા કોર્ષનું અનુરૂપ હોવું પણ જરૂરી છે. જ્યાં સુધી આ એકરૂપતા નહીં હોય ત્યાં સુધી તે કોર્ષમાં નોંધપાત્ર સફળતા નહીં મળે.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું "તમારામાંથી દરેકે કામ કરવું જોઇએ અને તે વાતનું ધ્યાન રહે કે દરેક માટે તે કામ વધારે સરળ અને યોગ્ય છે કે જે કામની માટે તેને પૈદા કરવામાં આવ્યો છે." – *સફીનતુલ બેહાર, પે. ૭૩૨*

ઇન્સાનના બાલિગ થયા પછી તેની આવડતો જાહેર થાય છે. યુવાનોએ તે કામને ચુંટી કાઢવું જોઇએ કે જે તેમની શક્તિ અને આવડત મુજબનું હોય કે જેથી જલ્દી કામ શોધી શકે.

તે જ પ્રમાણે કોલેજમાં એડમીશન લેતા પહેલા પોતાની આવડત અને શક્તિ મુજબના કોર્ષની પસંદગી કરે તો ખૂબજ ઝડપથી સફળતાના શિખર સુધી પહોંચી શકશે અને તેઓને ખૂબજ ઝડપથી કામ ધંધો પણ મળી જશે.

*** વિવિધતા :**

આ એક સ્પષ્ટ હકીકત છે કે દરેક વ્યક્તિ ડોક્ટર કે એન્જીનીયર નથી બની શકતો. જો બધાજ ડોક્ટર, એન્જીનીયર કે સી.એ. બની જાય તો આ દુનિયાની વ્યવસ્થા ઠપ થઇ જશે. આ દુનિયામાં જેટલી ડોક્ટરો, એન્જીનીયરો અને સી.એ.ની જરૂરત છે તેટલી જ જરૂરત સામાન્ય મજૂરો અને મીકેનીકની પણ છે.

હઝરત અલી(અ.સ.) ફરમાવે છે, "લોકો ત્યાં સુધી ખૈર અને ખુશહાલીનું જીવન વિતાવશે જ્યાં સુધી તેઓની દરમ્યાન તફાવતો રહેશે અને એક જેવા નહીં રહે જ્યારે બધાજ લોકો એક સરખા થઇ જશે તો હલાક થઇ જશે."

*(બેહાર-૭૭, પે.૩૮૫)*

અહીં એ બાબતનું ધ્યાન રાખવું જોઇએ કે ઇન્સાનના માન અને મર્તબાનો આધાર ઇન્સાનના દરજ્જા, હોદ્દા અને પદવીઓ નથી, બલ્કે ઇસ્લામમાં માન અને મર્તબાનો આધાર ઇમાન અને તકવા ઉપર છે.

"બેશક અલ્લાહની નઝદીક તમારામાંથી વધારે માનવંત એ જ છે કે જે વધારે પરહેઝગાર છે." *(સૂ.હોજરાત : ૧૩)*

આથી શક્ય છે કે કોઇ મજુર વર્ગનો માણસ પણ તકવા અને પરહેઝગારીને લીધે ઉંચ્ચ દરજ્જા ઉપર પહોંચીને અલ્લાહની નઝદીક ઘણો જ મહાન અને માનવંતો બની જાય કે જ્યાં કોઇ ઉંચા દરજ્જાનો અધિકારી આ ખુશનસીબીથી મહેરૂમ હોય.

*** રોઝીની શોધખોળ :**

દિને ઇસ્લામ મુજબ બીજાઓ ઉપર બોજારૂપ થવું સારી વાત નથી. ઇસ્લામ એ શિખવે છે કે દરેક માણસ મહેનત કરીને પોતાના ખર્ચાઓ પૂરા કરે.

ઇમામ રેઝા(અ.સ.)એ ફરમાવ્યું, "જે માણસ પોતાના પરિવારની જરૂરિયાતો પૂરી કરવા માટે મહેનત અને કોશિષ કરે છે તેનો બદલો અલ્લાહની રાહમાં જેહાદ કરનાર કરતા વધારે છે." *(બેહારૂલ અન્વાર-૭૮, પે.૩૩૯)*

આ ઉપરંત બીજી અસંખ્ય રિવાયતો છે કે જેનાથી સ્પષ્ટ થાય છે કે દિને ઈસ્લામમાં રોઝી પ્રાપ્તિને ઈબાદતનું સ્થાન આપવામાં આવ્યું છે.

*** બેકારી અને આળસ :**

જેવી રીતે દિને ઈસ્લામમાં રોઝી પ્રાપ્તિને ઈબાદતનું સ્થાન આપવામાં આવ્યું છે તેવી જ રીતે બેકારી અને આળસની સખ્ત ટીકા પણ કરવામાં આવી છે.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે, "જે માણસ બીજાની ઉપર બોજ બનીને રહે છે તેની ઉપર અલ્લાહની લઅનત છે." *(તોહફુલ ઓકુલ, પે.૩૭)*

એટલે કે જેનો ખર્ચ બીજા લોકો ઉપાડી રહ્યા છે અને તે પોતે બેકાર ફરી રહ્યો છે.

ઈમામ જાફરે સાદિક(અ.સ.) ફરમાવે છે, "કામ કરો, પોતાના માથા ઉપર બોજ ઉપાડો અને લોકોથી બેનિયાઝ બનો."

*(કાફી-૫, પે.૭૬)*

જે અલ્લાહનો તકવા ઈખ્તેયાર કરશે અને સબ્ર કરશે તો અલ્લાહ તઆલા તેને જરૂર રોઝી આપશે.

અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ કરીએ કે દરેક પ્રકારના રિઝ્ક અને રોઝીમાં વધારો અતા કરે અને હંમેશા દરે એહલેબૈત(અ.મુ.સ.)થી જોડાયેલા રાખે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com